©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] THURSDAY, AUGUST 7, 2025 / SRAVANA 16, 1947 [No. 32

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-B

Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જુલાઈ, ૨૦૨૫

નં. જીએચકેએચ-૧૦૫-૨૦૨૫-નસબ-૧૧-૨૦૧૧-૧૬૨૬-ચ (e-file:ACD/APM/e-file/2/2023/4019/CH): ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ મળેલ સત્તા અન્વયે રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૨૧/૦૭/૨૦૦૪ના હુકમ ક્રમાંક: નસબ/ફડચ/ઝ-૭/૨૨૪૯/૨૦૦૪થી શ્રી જામનગર નાગરિક સહકારી બેંક લી., જામનગરને ફડચામાં લઈ જવામાં આવેલ. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની જોગવાઈ મુજબ ફડચાના હુકમથી ત્રણ વર્ષમાં ફડચાની કાર્યવાહી આટોપી લેવાની રહે છે. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧) હેઠળ મળેલ સત્તા અન્વયે સદરહુ સંસ્થાની ફડચાની મુદત રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના વખતોવખતના હુકમથી તા.૨૦/૦૭/૨૦૧૧ સુધી વધારવામાં આવેલ હતી. પરંતુ સદરહુ મુદત વધારા દરમ્યાન ફડચાની કાર્યવાહી આટોપી શકાયેલ ન હતી. ત્યારબાદ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૬૧ હેઠળ મળેલ સત્તા અન્વયે રાજ્ય સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના વખતોવખતના જાહેરનામાથી તા.૨૦/૦૭/૨૦૨૪ સુધી કલમ-૧૬૧ હેઠળ મુક્તિ આપવામાં આવેલ છે. છેલ્લે વિભાગના તા. ૦૨/૦૯/૨૦૨૪ ના જાહેરનામાથી કલમ-૧૧૪(૧) હેઠળ તા.૨૦/૦૭/૨૦૨૫ સુધી મુદત વધારો આપવામાં આવેલ છે. પરંતુ સદરહુ સમયગાળા દરમ્યાન ફડચાની કાર્યવાહી આટોપી શકાયેલ નથી.

ધી જામનગર નાગરિક સહકારી બેંક લી., જામનગરને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની જોગવાઈ હેઠળ તા.૨૧/૦૭/૨૦૨૫ થી તા.૨૦/૦૭/૨૦૨૭ સુધી મુદત લંબાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કુલદીપસિંહ મકવાણા,

સરકારના ઉપસચિવ (ધિરાણ).

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જુલાઈ, ૨૦૨૫

નં. જીએચકેએચ-૧૦૮-૨૦૨૫-નસબ-૧૧-૨૦૧૧-૮૯૯-ચ (e-file:ACD/APM/e-file/2/2023/2494/CH) : ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ મળેલ સત્તા અન્વયે રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૦૪-૦૬-૨૦૦૪ ના હુકમ ક્રમાંક: નસબ-ફડચ-૦૧-ઝ-૭-૧૭૦૧-૨૦૦૪થી ધી ઉજજવર કો.ઓ.બેંક લી. અમદાવાદને ફડચામાં લઈ જવામાં આવેલ. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની જોગવાઈ મુજબ ફડચાના હુકમથી ત્રણ વર્ષમાં ફડચાની કાર્યવાહી આટોપી લેવાની રહે છે. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧) હેઠળ મળેલ સત્તા અન્વયે સદરહુ સંસ્થાની ફડચાની મુદત રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના વખતોવખતના હુકમોથી તા.૦૩-૦૬-૨૦૧૧ સુધી વધારવામાં આવેલ હતી. પરંતુ સદરહુ મુદત વધારા દરમ્યાન ફડચાની કાર્યવાહી આટોપી શકાયેલ નથી. ત્યારબાદ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૬૧ હેઠળ મળેલ સત્તા અન્વયે વિભાગના વખતોવખતના જાહેરનામાથી તા.૦૩-૦૬-૨૦૨૪ સુધી કલમ-૧૬૧ હેઠળ મુક્તિ આપવામાં આવેલ છે. છેલ્લે વિભાગના તા. ૦૯/૦૧/૨૦૨૫ ના જાહેરનામાથી કલમ-૧૧૪(૧) હેઠળ તા.૦૩/૦૬/૨૦૨૫ સુધી મુદત વધારો આપવામાં આવેલ છે. પરંતુ સદરહુ સમયગાળા દરમ્યાન ફડચાની કાર્યવાહી આટોપી શકાયેલ નથી.

આથી ધી ઉજજવર કો.ઓ.બેંક લી. અમદાવાદને ફડચાની કાર્યવાહી આટોપવા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ-૧૧૪(૧)ની સુધારેલ જોગવાઈ હેઠળ તા.૦૪-૦૬-૨૦૨૫ થી તા.૦૩-૦૬-૨૦૨૭ સુધી મુદત વધારો લંબાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કુલદીપસિંહ મકવાણા,

સરકારના ઉપસચિવ (ધિરાણ).

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.08.07 10:51:01 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar